# સાંઘીએ બીજીવાર જીત્યો ગ્રીનટેક એન્વાયરન્મેન્ટ એક્સેલન્સ એવોર્ડ

ભુજ, તા. ૭

સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે સતત બીજા વર્ષે સિમેન્ટ ક્ષેત્રે ગોલ્ડ કેટેગરીમાં એન્વાયરન્મેન્ટ એક્સેલન્સ એવોર્ડ જીત્યો છે. એક બિન-નફાલક્ષી સંગઠન એવા ગ્રીનટેક ફાઉન્ડેશને એન્વાયરન્મેન્ટ મેનેજમેન્ટ તથા પ્રદૂષણ નિયંત્રણના ક્ષેત્રમાં કંપનીએ મેળવેલી સિદ્ધિ બદલ આ એવોર્ડની જાહેરાત કરી છે.

પર્યાવરણને લગતી કામગીરીમાં નોંધપાત્ર સુધારાના લીધે સળંગ બીજી વખત કંપનીએ આ એવોર્ડ એનાયત કરાયો છે, જે કંપનીના રેટિંગમાં વૃદ્ધિ માટે મદદરૂપ થયો છે. આ એવોર્ડ ગુણવત્તાના કડક ધારાધોરણો, વિશ્વસનિયતાનું એક નિરાળું સીમાચિહ્ન છે અને પર્યાવરણ સુરક્ષાની વ્યવહારિક રીતોને સન્માનિત કરે છે.

આ એવોર્ડ વિશે પ્રતિક્રિયા આપતા સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ડિરેક્ટર આદિત્ય સાંઘીએ જણાવ્યું હતું કે, ''પર્યાવરણને લગતી જવાબદારીઓના તમામ સકારાત્મક પાસાઓના ક્ષેત્રમાં અપવાદરૂપ લક્ષ્યાંકોને માન્યતા પ્રદાન કરવા, સન્માનિત કરવા તથા પ્રોત્સાહન આપવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ પર્યાવરણ વ્યવસ્થાપન માટેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કંપનીના પર્યાવરણ તથા સામાજિક ક્ષેત્રની લગતી ગતિવિધિ માત્ર નિયમોના પાલન સુધી સીમિત રહી નથી, પણ કંપનીનો પ્રારંભ થયો ત્યારથી જ સાંઘીની ફિલોસોફીનો એક અભિન્ન હિસ્સો બનીને રહી છે.''

ભારત સરકારની વિવિધ સંસ્થાઓ દ્વારા પણ કંપનીને સમયે સમયે વિભિન્ન પ્રતિષ્ઠિત એવોર્ડસ્ એનાયત કરવામાં આવેલા છે, જેમાં ''એર પોલ્યુશન કન્ટ્રોલ મેઝર્સ'', ''વોટર પોલ્યુશન કન્ટ્રોલ મેઝર્સ'', ''નોઈઝ, વાઈબ્રેશન કન્ટ્રોલ મેઝર્સ'', ''કમ્યુનિટી ડેવલપમેન્ટ'' તથા ''એફોરેસ્ટેશન/પ્લાન્ટેશન'' માટેના એવોર્ડ્સનો સમાવેશ થાય છે.

પાછલા કેટલાક વર્ષ દરમિયાન સાંઘી ઈન્ડસ્ટ્રીઝ સિમેન્ટ કંપની તરીકે ઉભરી છે. કંપની ગુજરાતના કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં પ્રતિવર્ષ ૩૦ લાખ ટનની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ ધરાવે છે, જે ભારતમાં કોઈ એક સ્થળે આવેલા સૌથી વિશાળ સિમેન્ટ પ્લાન્ટ્સ પૈકીનો એક છે. કંપની ગુજરાતમાં સિમેન્ટ ક્ષેત્રની ટોચની ત્રણ કંપનીઓ પૈકીની એક છે અને હવે તે મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં પોતાની ઉપસ્થિતિ વધારી રહી છે.